# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૭-A તા.૨૭-૦૯-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં ૧૨ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને વિના મૂલ્યે પ્રવેશ આપવા અંગે.**

**સંદર્ભ :-** **ઝૂ ડાયરેક્ટરશ્રીની કચેરીના ઝેડ.એસ.ડી.નં. ૨૪૯ /તા.૨૪-૦૯-૨૦૨૪ પત્ર અન્વયે**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,કાંકરિયા પ્રાણી સંગ્રહાલય, અમદાવાદ દ્વારા તા.૦૧-૧૦-૨૦૨૪ થી તા.૦૭-૧૦-૨૦૨૪ સુધી વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ અઠવાડિયા દરમ્યાન શહેરના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણી વિષે માહિતગાર થાય તે હેતુસર આ અઠવાડિયા દરમ્યાન ૧૨વર્ષની ઉંમર સુધીના બાળકોને દર સોમવાર સિવાય'ઝૂ'માં સવારના ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવનાર છે તથા કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી રૂા.૧/- બાળકદીઠ ચૂકવવાથી પ્રવેશ મળશે. જે જાણમાં લઈ શાળાના બાળકો આ લાભ લઈ શકે તેવા પ્રયત્નો કરવાના રહેશે.

તા.૨૭-૦૯-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી